**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૦ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા અશોકભાઈ પંડયાના નિવાસસ્થાન ૧૧૫/૧ છ ટાઈપ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળના પ્રફુલભાઈ દવે દ્વારા રામેશ્વર મહાદેવ સે-૬ ખાતે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણસમાજ દ્વારા કિશોરભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૧૫૭, સે-૩-ડી ખાતે શિવ રૂદ્રાભિષેક તથા શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર સે-૨૮ ખાતે દશરથભાઈ ત્રિવેદી દ્વારા રાત્રે ૮.૧૫ કલાકે લઘુરૂદ્ર યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા કિરણભાઈ શુકલના નિવાસસ્થાન ૨૭૫/૧ કિસાનનગર ખાતે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● અનામત આંદોલનના શહીદોને શ્રધ્ધાંજલિ આપવા અર્થે શ્રી સરદાર પટેલ સેવાદળ ગાંધીનગર દ્વારા ઘ-૪ સરદાર પટેલની પ્રતિમા પાસે સાંજે ૬.૩૦ કલાકે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે.

● નવા સચિવાલય બ્લોક નં. ૮ના ભોંયતળિયે સુરક્ષા શાખાના અધિકારી અને જવાનો દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે.

### ચિરવિદાય

● સ્વ. મિસ્ત્રી નારણભાઈ સોમનાથ, ઉ.વ. ૭૮
● સ્વ. પંચાલ ડાહીબેન બાબુલાલ, ઉ.વ. ૯૮

# પંચદેવ મંદિરે પરંપરાગત મેળો ભરાયો

## મોડી સાંજ સુધી મેળો આકર્ષણનું કેન્દ્ર રહ્યો : પોલીસનો કડક બંદોબસ્ત











ગાંધીનગર, તા.૨૫

શ્રીકૃષ્ણ જન્મોત્સવ શહેરમાં દરેક મંદિરો, સોસાયટી તથા ઘરે ઘરે ઉજવાયો. આ ઉપરાંત પંચદેવ મંદિરનો પરંપરાગત મેળો પણ યોજાયો. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા. મેળામાં વિવિધ પ્રકારના સ્ટોલ રાખવામાં આવ્યા. સવારના ૧૦ વાગ્યાથી મોડી સાંજ સુધી મેળો જામ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પંચદેવ મંદિર સે-૨૨ ખાતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. મટકી ફોડ સાથે પરંપરાગત મેળો પણ ભરાયો હતો. શહેરીજનો તથા આજુબાજુના ગામથી દરેક મંદિરે દર્શન કરી મેળો જોવા આવી પહોંચ્યા હતા.

મેળામાં વિવિધ સ્ટોલ જેવા કે જાત જાતના રમકડાં, ફ્રુટ, કપડાં, શૉ-પીસ, ઈમીટેશન જવેલરી, બુધ્ધિના બાલ, કપ-રકાબી, ટેબલ, લાકડાની વસ્તુઓ, માટીના વાસણ, છૂંદણા છુંદવાવાળા, મહેંદીવાળા, ફુગ્ગાવાળા સાથે નિઃશુલ્ક પાણીની પરબ તથા કાનુની શિક્ષણ શિબિરનો સ્ટોલ પણ જોવા મળ્યો હતો. મંદિરના પાછલા ભાગમાં નાની મોટી રાઈડસ પણ ગોઠવવામાં આવી હતી. ગાંધીનગરની આજુબાજુના ગામમાંથી નાગરિકો ટ્રેકટર ભરીને મેળો માણવા આવતા જોવા મળ્યા હતા. મોડી સાંજ સુધી મેળો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

પોલીસનો સખ્ત બંદોબસ્ત મેળા દરમિયાન જોવા મળ્યો હતો. મંદિરમાં મટકી ફોડનો કાર્યક્રમ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યો હતો. આમ ભાવિક ભકતોએ ઉત્સાહપૂર્વક મેળામાં ભાગ લીધો હતો.

# જાણ્યું છતાં અજાણ્યું એવું ગાંધીનગરનું પૌરાણિક હડમતીયા દેવનું મંદિર

## સરગાસણ ચાર રસ્તા નજીક વાસણા-હડમતીયા ગામના હડમતીયા હનુમાનજી અને નીલકંઠ મહાદેવની રોચક કહાની : એક સમયે કડીના શાસક 'મલ્હાર રાવ'ના માતાજીનો અસાધ્ય રોગ અહીંના પૂ. અમરતગીરી બાપુએ 'ધુણી'ની ભસ્મથી મટાડયો હતો

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

પવિત્ર શ્રાવણ માસ હવે તેના અંતિમ ચરણમાં પહોંચી ચુકયો છે અને જન્માષ્ટમીના પર્વ સાથે જ શ્રદ્ધાળુઓમાં ભકિત ભાવનું ઘોડાપુર ઉમટી રહેલું દેખાય છે. નોમના નંદોત્સવના તરત બીજા જ દિવસે આ વર્ષનો આખરી શ્રાવણીયો સોમવાર છે અને આ સોમવારે ભગવાન ભોળાનાથને રીઝવવા ભાવિકો શહેરના શિવાલયોમાં ભીડ જમાવશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આમ તો શહેરની લગભગ દરેક દિશામાં દર ત્રીજા બની રહ્યું છે.

ગાંધીનગરના ખ-૦ સરગાસણ ચાર રસ્તા નજીક નાનકડું વાસણા-હડમતીયા ગામ આવેલું છે જેના મૂળ નિવાસી ગ્રામજનોમાં દશનામ ગોસ્વામી સમાજના એક જ વંશના આશરે ૧૫-૧૭ ઘર છે જેઓ ખ રોડની બીજી તરફ એટલે કે સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ના પાછળના ભાગે સ્થિત પૌરાણિક મંદિર હડમતીયા હનુમાનજી અને નીલકંઠ મહાદેવના પેઢીઓથી ચાલી આવતી મહંત પરંપરાના વંશજો છે. આ વંશના એક વડિલ કરશનપુરી મંદિર સંભાળી રહ્યા હતા તેઓ એટલા પવિત્ર અને ચમત્કારિક સન્યાસી હતા કે જેનો અનુભવ 'મલ્હાર રાવ'ને પણ થયો હતો. એક વાર મલ્હાર રાવની માતાને રકતપિત્ત જેવો રગડપટ્ટ જેવો રોગ થયો હતો જેને મટાડવા વૈદ્યે દરરોજ સાબરમતીના શીતળ જળમાં સ્નાન કરવાનું સૂચવ્યું હતું. આથી દરરોજ કડીથી મલ્હાર રાવ સૈનિક સાથે માતાની પાલખીમાં ધોળેશ્વર નજીક સ્નાન માટે મોકલતા હતા. એક દિવસ 'મલ્હાર રાવ' જાતે રથ લઈને માતા સાથે આવ્યો ત્યારે તેણે

### એસ.જી. હાઈવે પહેલા આ મંદિરેથી પસાર થવાનો હતો

વાવોલ માતૃ પંચાયતમાં અલગ જ રેકોર્ડ લિસ્ટ ધરાવતા દશનામ ગોસ્વામી સમાજના પૂર્વજો પૈકી કોઈ એક સન્યાસીમાંથી સંસારી થઈ જતા વિકસેલા પરિવારના વંશજો આ મંદિરનો વારાફરતી કાર્યભાર સંભાળી રહ્યા છે. જે પૈકી હાલ ચંદનપુરી આતમપુરી ગોસ્વામી મંદિરના પુજારી છે. સરખેજ-ગાંધીનગર રોડના નિર્માણ સમયે પહેલા મંદિરને આવરી લઈ પસાર થવાનો હતો જેના ખૂંટ પણ નંખાઈ ચુકયા હતા. ત્યારે આ વંશજોએ યજ્ઞ સાથે બ્રાહ્મણો જમાડવાની 'ચૌર્યાસી'ની બાધા માની હતી અને ચમત્કારિક રીતે છેલ્લી ઘડીએ આ રોડનું સ્થાન બદલાઈ મંદિરથી દૂર થઈ ગયું હતું. આજે આ મંદિરને દાતાઓના સહારે થોડું વિકસાવાયું છે પરંતુ હજુ પણ તે વાવોલ, સરગાસણ, ગુડા અને ગાંધીનગર શહેર વચ્ચે કોની હદમાં ગણાય તેની 'ચલકચલાણી'નો ભોગ બની પાકા રોડથી વંચિત રહ્યું છે.

દેવાયો હતો જે હડમતીયા મઠ તરીકે જાણીતો થયો હતો. કાળક્રમે આ જમીન તેમના વંશજો ખેડૂતોને વાવવા આપી દેતા હતા જેઓ બદલામાં દાણા-પાણી પુરા પાડતા હતા પરંતુ છેવટે આઝાદી પછી 'ખેડે તેની જમીન' ના કાયદામાં આ જમીનો તેમની થઈ ગઈ હતી. પૂ. અમરતગીરી બાપુએ અંદાજે ૮૦-૯૦ વર્ષની વયે જીવતોજીવત સમાધિ લીધી હતી અને તેમના અનુગામીઓને પણ મરણોત્તર સમાધિ આપવામાં આવી હતી જેની દેરીઓ અહીં મંદિર ખડકી બનાવી હતી. પૂ. અમરતગીરી પરત ફર્યા ત્યારે બધી વિગત જાણતા તેમણે જમીનદારને શ્રાપ આપ્યો કે 'તારા વંશમાં ખડકીએ બેસી શકે તેવો કોઈ પેદા નહીં થાય' અને આ ઉકિત પેઢીઓ સુધી સાચી ઠરી હતી. આ ખડકીને તાજેતરમાં જ તોડી પાડવામાં આવી છે તેવું જાણવા મળ્યું છે. 'હડમતીયા મઠ'માં હડમતીયા દેવ હનુમાનજી બિરાજે છે તેઓ પૂ. અમરતગીરી બાપુનો સાક્ષાત દખાતા હતા અને તેમની સાથે વાતો કરતા હતા તેવી લોકવાયકા પણ છે. અહીં નીલકંઠ મહાદેવનું





સેકટરે જાણીતા શિવાલયો વિકસ્યા છે પરંતુ શહેરના નવા જ વિકસેલા સરગાસણ ચાર રસ્તા વિસ્તારના શ્રધ્ધાળુઓને તો જાણે કુદરતી રીતે જ પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતું શિવાલય તથા હનુમાનજીનું મંદિર પ્રાપ્ત થયું છે જે ઓછું જાણીતું છે પરંતુ આ વિસ્તારની આસ્થાનું કેન્દ્ર ગોસ્વામીએ આપેલી માહિતી મુજબ આ મંદિર છે તે વિસ્તાર 'હડમતીયા મઠ' તરીકે જાણીતો હતો અને તેમના પૂર્વજો પેઢી દર પેઢી આ મંદિર સંભાળતા આવ્યા છે અને તેમના એક પૂર્વજ પૂ. અમરતગીરી ગોસ્વામી બાપુ જયારે કડી સ્ટેટમાં મલ્હાર રાવનું રાજ હતું ત્યારે અહીંના જંગલમાં આ વગડામાં આ મંદિર જોયું અને વળતી વખતે ત્યાં વિસામો ખાવા રોકાયો ત્યારે પૂ. અમરતગીરી બાપુ સાથેના સત્સંગમાં માતાના રોગ વિશે તેણે વાત કરી હતી. આથી પૂ. અમરતગીરીએ ત્યાં ચાલી રહેલી 'ધૂણી'માંથી થોડી 'ભસ્મ' આપી કહ્યું કે કાલે માતાજીને કહેજો કે આ રાખ શરીરે ચોળીને સ્નાન કરી લે અને બીજે દિવસે તેવું કરતા રાવની માતાનો રોગ તદ્દન જ મટી ગયો તેથી મલ્હાર રાવ પૂ. અમરતગીરીના દર્શને આવ્યો અને તેમને જે માંગવું હોય તે માંગવા કહ્યું. જો કે પૂ. અમરતગીરીએ ધરાર કંઈ પણ માંગવાની ના પાડી દીધી ત્યારે તેમની નિર્લેપ્તાથી પ્રભાવિત થઈ રાવે સૈનિકોને આદેશ કર્યો કે તેમની પ્રિય ઘોડીને અહીં છુટી મુકી એક દિવસમાં જેટલો વિસ્તાર ફરે તે વાડ બાંધી મહારાજને આપી દો અને એક દિવસમાં ઘોડીએ ૩૬૦ વીઘા જમીનનું ચકકર લગાવતા આ વિસ્તાર પૂ. અમરતગીરીનો સોંપી સંકુલમાં બનેલી છે.

પર્યાવરણ પ્રેમી પૂ. અમરતગીરીના મઠમાં બે ઘટાદાર લીમડાની જોડ હતી જે રામ-લક્ષ્મણની જોડ કહેવાતી હતી. પૂ. બાપુ જયારે હરદ્વાર ખાતે કુંભના મેળામાં ગયા ત્યારે અહીં નિયમિત બેસવા આવતા ઉવારસદના એક જમીનદારે લીમડા કપાવી તેની ગામમાં શિવલિંગ પણ સ્વયંભૂ પ્રગટયું છે તેવું માનવામાં આવે છે અને મંદિરની આસપાસ ઘણા બધા બિલિના વૃક્ષો છે જેથી અહીંનું વાતાવરણ તદ્દન શુધ્ધ અને પવિત્ર છે જયાં થોડીવાર બેસવાથી પણ મનને અનેરી શાંતિ મળે છે. અહીં આસપાસ વિકસેલી સોસાયટીના શ્રધ્ધાળુઓ આવતા થયા છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● મિશન મંગલ
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૫૦, ૪.૫૦, ૫.૪૦, ૭.૪૦, ૮.૩૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧૧.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૨.૩૦, ૧૦.૧૫
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૬.૧૫, ૮.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● મિશન મંગલ
૧૨.૩૦, ૩.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
● બાટલા હાઉસ
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૬.૩૦
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૨-ડી હિન્દી ૫.૩૦
● ચાલ જીવી લઈએ
૧૨.૩૦
● ચાસની (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● મિશન મંગલ
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૩૫, ૪.૩૫, ૬.૨૫, ૭.૨૫, ૯.૧૫, ૧૦.૧૫
● બાટલા હાઉસ
૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
● મોન્ટુ ની બિટ્ટુ (ગુજરાતી)
૯.૪૫, ૬.૨૫, ૯.૧૫
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી ૯.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૮.૦૦

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● મિશન મંગલ
૧૦.૩૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
● બાટલા હાઉસ
૧૦.૦૦, ૧.૧૦, ૪.૨૦, ૭.૩૦, ૧૦.૪૦
● ચાસની (ગુજરાતી)
૯.૪૫
● મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૧૨.૦૦, ૬.૦૦
● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
હિન્દી ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

### ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળો અપાશે

ગાંધીનગર, તા.૨૫

વરસાદી મોસમને કારણે થતા રોગો ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરીયા, અપચો જેવા રોગોના નિવારણ અર્થે સવારે ૬ થી ૭ દરમિયાન ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર સેકટર-૭-ડી ખાતે તા. ૨૭ થી ૩૦ ઓગષ્ટ સુધી નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળો આપવામાં આવશે. સંસ્થાના કાનજીભાઈ બાવરી દ્વારા નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

### વિશેષ એજયુકેશન સેન્ટરના બાળકોએ સે-૧૯માં સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે જન્માષ્ટમી પર્વ ઉજવ્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના કુડાસણ ખાતેના મનોદિવ્યાંગ બાળકોના તાલીમ કેન્દ્ર વિશેષ એજયુકેશન સેન્ટર દ્વારા શહેરના સેકટર-૧૯ સ્થિત સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બંને સંસ્થાના બાળકોએ સાથે મળીને ઉજવણી કરી હતી અને ભરપૂર આનંદ માણ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સેકટર-૧૯ સ્થિત સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના સંચાલનની જવાબદારી તાજેતરમાં જ વિશેષ એજયુકેશન સેન્ટરની સંચાલક સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ મંડળને સોંપવામાં આવી છે જે પછી સંસ્થાની કાયાપલટ કરવાનું કામ ઝડપથી હાથ ધરાયું છે.